# શાળા ના નિયમો

(૧) શાળામાં વર્ષ દરમ્યાન ત્રણ પરીક્ષાઓ લેવામાં આવશે.

(૨) વિધ્યાર્થી માટે ત્રણેય પરીક્ષામાં બેસવું ફરજીયાત રહેશે.

(૩) શાળામાં પુનઃ પરીક્ષા (Re-test) લેવામાં આવતી નથી.

(૪) શાળામાં હાજરી ફરજીયાત છે. હાજરી ખૂટશે તો પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

(૫) શાળામાં આવ્યા બાદ આકસ્મિક કારણ સિવાય ઘેર જવાની રજા મળશે નહી. વાલી રૂબરૂમાં આવશે તો રજા મળશે.

(૬) વાલીએ અવારનવાર શાળાનો રૂબરૂમાં સંપર્ક કરતાં રહેવું. જ્યારે સસ્થામાં બોલાવવામાં આવે ત્યારે અવશ્ય હાજર રહેવું.

(૭) ધો. ૮, ૯, ૧૧ ની પ્રથમ અને બીજી પરીક્ષા ૫૦ ગુણની રહેશે. વાર્ષિક પરીક્ષા ૮૦ ગુણની જ રહેશે. આંતરિક મૂલ્યાંકન ૨૦ ગુણની રહેશે.

(૮) ધો. ૮, ૯, ૧૧ માં વાર્ષિક પરીક્ષામાં અગાઉની પ્રથમ અને બીજી પરીક્ષા ના ગુણ વાર્ષિક પરીક્ષાના પરિણામમાં ધ્યાનમાં લેવાય છે.

(૯) વાર્ષિક પરીક્ષામાં દરેક વિષયમાં પાસ થવા માટે ૨૦૦ ગુણમાંથી ૭૦ ગુણ (૩૫ ટકા ) મેળવવાના રહેશે. ( ૫૦ +૫૦ +૮૦ +૨૦ =૨૦૦ )

(૧૦) શાળામાં ૧૦૦% હાજરી ફરજીયાત છે. ૧૫% માંદગીની કે અન્ય રજા અંગે આચાર્ય શ્રી નિર્ણય લઈ શકશે.

(૧૧) કોઇપણ બાબતમાં આચાર્ય શ્રીનો નિર્ણય માન્ય ગણાશે.

(૧૨) ચાલુ પિરિયડે વિધ્યાર્થીએ બહાર નીકળવું નહીં. અને નીકળશે નહીં તો ગંભીર ગેરશિસ્ત ગણાશે.

(૧૩) આઇકાર્ડ, લેશનડાયરી શાળામાં સાથે રાખવા ફરજીયાત છે.

(૧૪) શાળા શરૂ થતાં પહેલાં દરેક વિધ્યાર્થી ભાઇ બહેને શાળામાં આવી જવાનું રહેશે. પ્રાર્થનાનો પ્રથમ બેલ વાગે ત્યારે તેમની વર્ગખંડમાં હાજરી અનિવાર્ય રહેશે.

(૧૫) શાળામાંથી અભ્યાસના સમય દરમિયાન કોઇપણ વાલી કે મિત્ર અથવા સંબધીને વિધ્યાર્થીને મળવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

(૧૬) કોઇપણ વિધ્યાર્થીના વાલીએ સીધેસીધા વર્ગખંડ સુધી જવું નહીં કે અન્ય કર્મચારી અથવા શિક્ષકનો સીધો સંપર્ક કરવો નહીં.

(૧૭) શાળાના શિક્ષણકાર્ય માટે જરૂરી એવા તમામ પુસ્તકો અને નોટબુકસ, તેમજ શૈક્ષણિક જરૂરિયાતના સાધનો લઇને જ આવવાનું રહેશે. શાળામાંથી આપવામાં આવેલું ગૃહકાર્ય, સ્વાધ્યાય કાર્ય લેખન, પ્રયોગપોથી, ભૂગોળપોથી, કે અન્ય પ્રોજેકટ કાર્ય નિયમિતપણે પૂરૂં કરવાનું રહેશે. શાળાની વિવિધ શિક્ષણલક્ષી પ્રવૃત્તિઓ તેમજ પ્રવાસ પર્યટન ઈતર પ્રવૃતિમાં સક્રિય રસ લેવાનો રહેશે.

(૧૮) શાળા દ્વારા લેવાતી સાપ્તાહિક અને અન્ય પરીક્ષાઓ માં ઉપસ્થિત રહેવું ફરજીયાત છે. ધો. ૧૦ અને ૧૨ની પ્રિલિમનરી પરીક્ષા પછી પણ શાળામાં હાજરી આપવી અનિવાર્ય છે. વર્ષ દરમિયાન ૮૫% થી ઓછી હાજરી ધરાવનાર વિધ્યાર્થી પરીક્ષામાં બેસવાને પાત્ર રહેશે નહીં. પરીક્ષામાં કોઇપણ પ્રકારની ગેરરીતિ આચરનાર તે પરીક્ષામાં બેસી શકશે નહીં અને શાળામાંથી તેનું નામ કમી કરવા સુધીના પગલાં ભરવાનો શાળાનો અધિકાર રહેશે.

(૧૯) શાળાની શિસ્ત અને શિક્ષણ કાર્ય ને અસર કરે એવી કોઇપણ પ્રકારની પ્રેરક પ્રવૃત્તિમાં કે તોફાનમાં વિધ્યાર્થી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાઇ શકશે નહીં.

(૨૦) સાયકલ સિવાય અન્ય દ્વિચકી ( ઓટો વાહન ) લઇને આવવું નહીં. સાયકલ નિયત સ્થળે મૂકવી અને તેને સારું તાળુ લગાવવાનું રહેશે.

(૨૧) વિધ્યાર્થીએ વર્ગ શિક્ષક પાસે અગાઉથી રજા મંજુર કરાવવી. વિધ્યાર્થી માંદગીને કારણે શાળામાં આવી શકે એમ ન હોય તો દાકતરી પ્રમાણપત્ર સાથે રજાનો રીપોર્ટ મોકલવાનો રહેશે. સામાન્ય સંજોગોમાં ગેરહાજર રહેનારે બીજાદિવસે વાલીની રજાચિઠ્ઠી લાવવાની રહેશે.માંદગીની ગેરહાજરી ૮૫ ટકાની અંદર આવી જાય છે. જેથી વધુ માંદગી હશે તો પરીક્ષા આપી શકશે નહિં.

(૨૨) <u>વિધ્યાર્થી ભાઇઓ માટેનો ગણવેશ</u> :

- સફેદ અડધી બાંય કે આખી બાંય નું શર્ટ
- નેવી બ્લ્યુ કલરનું (જીન્સ કાપડ સિવાયનું)પેન્ટ
- શર્ટ ઉપર શાળાનો નિયત પ્રતીક(ડાબી બાજુએ)
- સફેદ બુટ મોજા

<u>વિધ્યાર્થી બહેનો માટેનો ગણવેશ</u> :

- સફેદ ફ્રોક, પાયજામો, દુપટ્ટો
- લીલો કમરપટ્ટો (કપડાનો)
- શાળાનો નિયત પ્રતીક(ડાબી બાજુએ)
- સફેદ બુટ મોજા

(૨૩) શાળા સમય દરમ્યાન શાળા શિક્ષણના ભોગે વિધ્યર્થી ટયૂશન પ્રવૃત્તિમાં જોડાઇ શકશે નહિં. શિક્ષકોએ ટયૂશન રાખવા પર પ્રતિબંધ છે. જેની નોંધ લેવી. વિધ્યાર્થી કે વાલીને જો શિક્ષણ અંગે કોઇ પણ મુશ્કેલી કે ફરીયાદ કરવાની હોય તો તેઓએ વિધ્યાર્થીના શિક્ષણના હિતને કેન્દ્ર માં રાખીને શાળાના આચાર્ય શ્રી ને લેખિત સ્વરૂપે અથવા લેસન ડાયરીમાં નોંધ અચૂક કરવી અથવા સૂચનાપેટીમાં નાખવા વિધ્યાર્થી મારફતે મોકલી આપવી.

(૨૪) શાળામાં કોઇપણ પ્રકારની મોટી ગેરશિસ્ત તેમજ વારંવાર ગેરશિસ્ત કરતા માલુમ પડશે કે નિયમોનો ભંગ કરશે તો શાળામાંથી નામ કમી કરવામાં આવશે. આ અંગે આચાર્યશ્રીનો નિર્ણય આખરી રહેશે.

શ્રી બી. જી.પટેલ
આચાર્ય શ્રી

શ્રી કે.એસ.પટેલ, શ્રી જી.જી.દરજી
સુપરવાઇઝર શ્રી

દીવાન - બલ્લુભાઇ મા./ ઊ.મા. શાળા
એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ -૭.